જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૧/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૪૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, ૧૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૫૪૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૫૦/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ નિલમ વા/ઓ સમીર શેખ (ઉ.વ.૪૫)(રહે, મરિન વ્યુ, ખાનપુર ગેટ સામે, ઉષા કિરણ ફ્લેટ, ખાનપુર) એ તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૬ થી તા.૨૮/૧૦/૨૦૨૬ દરમ્યાન આરોપી (૧) વોટ્સએપ નંબર +૧૯૨૯૨૭૯૫૪૬૯ તથા +૧૨૦૨૭૭૩૪૭૬૦ થી માઈકલ કીમ બની વોટ્સએપ ચેટ કરનાર અજાણી વ્યક્તિ (૨) ઈમેલ એડ્રેસ info@overseasemigrants.com, attorney@overseasemigrants.com, finance@kullsonengineered.com ઉપરથી ઈ–મેઇલ મોકલનાર વ્યક્તિ (૩) કુલસન ઈન્જીનીયરીંગ કંપની વતી ઝુમ મીટમા ઈન્ટરવ્યુ લેનાર વ્યક્તિ અને (૪) બેંક એકાઉન્ટમાં નાણાં મેળવનાર તમામ બેંક ખાતાના ધારકોએ ભેગામળી ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશન ઉપર યુ.એસ.એ. માં નોકરી તેમજ વર્ક પરમીટ વિઝા આપવાની ખોટી જાહેરાત આપી વોટ્સએપ ચેટ કરી તેમજ ઈમેઇલ મારફતે વાતચીત કરી, એચ.આર.હેડ તથા ઈન્ટરવ્યુ અધિકારી હોવાનુ જણાવી યુ.એસ.એ. દેશના બનાવટી જોબ ઓફર લેટર, બનાવટી ડી.એસ.૧૬૦ ફોર્મ, મેડીકલ એપોઇન્ટમેન્ટ, કન્ફર્મેશન લેટર, આઈ.સી.–૯૭ નોટીસ, કરન્સી એક્ષચેંજ લેટર, બાયોમેટ્રીક એપોઇંટમેંટ કન્ફર્મેશન લેટર, યુ.એસ. કાઉંસીલર ઇંટરવ્યુ ડેટ કન્ફર્મેશન લેટર વિગેરે ખોટા દસ્તાવેજો મોકલી વિશ્વાસમાં લઇ, અલગ–અલગ બહાના હેઠળ અલગ–અલગ સમયે અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા અલગ–અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૧૩,૯૩,૦૦૩/– મેળવી લઈ આજદીન સુધી રૂપિયા પરત નહી કરી નિલમ શેખ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ઈસનપુરઃ દિપકભાઈ ખોડીદાસ ચાવડા (ઉ.વ.૩૪)(રહે.સતાધાર સોસાયટી વિશાલનગર પાસે ઈસનપુર) એ તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર ચામુંડાનગર પાર્કીંગ ખાતે આરોપી હિતેષ મારવાડી તથા મોહન મારવાડી નાઓએ દલાલ તરીકે દિપકભાઈ ચાવડાને વિશ્વાસમાં લઈ, દિપકભાઇની આઈસર ટ્રક વેચાવી દેવાની જવાબદારી લઈ રૂપિયા ૫૦૦૦/– દલાલી લઈ આરોપી મનિષ ગુર્જર નાઓ રૂપિયા ૨૧,૦૦૦/– ના ૪૫ હપ્તા મળી કુલ રૂપિયા ૯,૪૫,૦૦૦/– ભરી દેશે તેવો ભરોસો અને વિશ્વાસ આપી, પછીથી લખાણ કરી આપવાની બાહેંધરી આપી, દિપકભાઇ પાસેથી આઈસર ટ્રક નંબર જીજે.૩૪.ટી.૨૦૯૫ આરોપી મનિષ ગુર્જર નાઓ લઈ જઈ, તે પેટે કોઇ લખાણ નહી કરી આપી રૂપિયા ૨૧,૦૦૦/– ના બે હપ્તા રોકડમાં આપ્યા બાદ બાકી લેણા રૂપિયા ૯,૦૨,૦૦૦/– ના હપ્તા નહી આપી, તેમજ ટ્રક પણ પરત નહી આપી દિપકભાઇ ચાવડા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

સેટેલાઇટઃ અનિકેતસિંહ પ્રવિણસિંહ સોલંકી (ઉ.વ.૩૭)(રહે. સેટેલાઈટ કોમ્પ્લેક્ષ માનસી સર્કલ સેટેલાઈટ) એ તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૬ સાંજના ૫/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અનિકેતસિંહ ના મોબાઇલ ફોન ઉપર અજાણ્યા મોબાઇલ નંબર +૯૧૯૬૩૧૯૮૦૭૩૩ ના ધારકએ તમારૂ ગયા મહિનાનુ ગેસનુ બીલ ભરેલુ નથી તેવો મેસેજ કરી અદાણી ગેસ કંપનીનું ગેસ કનેક્શનનું બીલ અપડેટ કરવાના બહાને અજાણ્યા મોબાઇલ +૯૧ ૯૨૮૨૨૮૪૩૫૨ ના ધારક નિશાંતભાઇ સાથે વાત કરવાનુ કહેતા, અનિકેતસિંહ સોલંકી નાઓએ મેસેજમાં જણાવેલ મોબાઇલ નંબર ઉપર કોલ કરતા તેના ધારકે અનિકેતસિંહના મોબાઇલ ફોનમાં એ.પી.કે.ફાઇલ મોકલી બીલ અપડેટ કરવા સારૂ રૂપિયા ૧૩ ભરવા પડશે તેમ કહી મોબાઇલમાં એપ્લીકેશન ડાઉનલોડ કરાવી અનિકેતસિંહના બેંક ખાતાઓના ક્રેડીટકાર્ડ અને એ.ટી.એમ.કાર્ડની માહિતી નંખાવી ફોનને હોલ્ટ ઉપર રખાવી તેમના બેંક ખાતાના ક્રેડીટકાર્ડ અને એ.ટી.એમ.કાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૮૧,૬૦૪/- ના બે ટ્રાન્ઝેકશન દ્વારા ઓનલાઇન પેમેન્ટ કરી લઈ અનિકેતસિંહ સોલંકી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

રામોલઃ નિર્મલાબહેન વા/ઓ મનોહરભાઇ પાટીલ (ઉ.વ.૬૩)(રહે.કૃષ્ણકુંજ સોસાયટી ગીતાપાર્ક સોસાયટી પાસે, સુરેલીયા એસ્ટેટ વસ્ત્રાલ રોડ) એ તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૬ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન રામોલ નિરાંત ચાર રસ્તા થી રતનપુરા ગામ તરફ જવાના રસ્તા ઉપર ચાલતા પસાર થતા હતા ત્યારે એક અજાણી મહીલા તથા બે અજાણ્યા પુરૂષોએ ભેગામળી નિર્મલાબહેન પાટીલને રોડની સાઇડમાં લઇ જઇ "મારા છોકરા પાસે વધારે રોકડ રૂપિયા છે અને અમારે આટલુ મોટુ જોખમ સાથે નથી રાખવુ" તેમ કહી રૂપિયાના બંડલમાંથી એક ૫૦૦ ના દરની નોટ બતાવી વિશ્વાસમાં લઇ, નિર્મલાબહેનએ પહેરેલ દાગીનાના બદલામાં બંડલમાં રહેલ બે થી અઢી લાખ રૂપિયા આપવાની લાલચ આપતા, નિર્મલાબહેનએ પહેરેલ સોનાના દાગીના કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મતાના અજાણી મહિલાને આપી દેતા મહિલાએ કાગળોનું બંડલ આપી નિર્મલાબહેનને થોડી વાર બેસી રહેવાનુ કહી નાસ્તો કરવા જવાના બહાને તમામ દાગીના લઇ નાસી જઇ નિર્મલાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી કાર્તીકભાઇ મોતીભાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૫૫૧/૨૦૨૬**

સાબરમતીઃ રોનકકુમાર સ/ઓ જગદીશકુમાર ભાવસાર (ઉ.વ.૩૯)(રહે.સહજ સેન્ચુરી, ગણેશદ્વાર બંગ્લોઝ પાસે, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૬ સવારના ૦૮/૪૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ, ગણેશદ્વાર બંગ્લોઝ સામે આવેલ ગણેશ ગ્રીન સોસાયટી આગળ પોતાની માતા સાથે પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી રોનકકુમારની માતાના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

પાલડીઃ પ્રવિણભાઈ સોમચંદભાઈ સંઘવી (ઉ.વ.૭૬)(રહે, પ્રભાકુંજ સોસાયટી, શાંતીવન, પાલડી) એ તા.૦૧/૧૧/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૬ સવારના ૦૬/૦૦ વાગ્યાના સુમારે પાલડી પ્રભાકુંજ સોસાયટી આગળ જાહેર રોડ ઉપર એક્ટીવા ઉપર આવેલ અજાણ્યા પુરૂષએ પ્રવિણભાઈ પાસે આવી સરનામુ પુછવાના બહાને વાતચીત કરી, પ્રવિણભાઈના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

ઉંચાઇથી નીચે પડી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૫૫૨/૨૦૨૬**

નિકોલઃ (૧) નિકોલ ડી માર્ટ રોડ અક્ષર હોસ્પિટલની બાજુમાં નવી બનતી સાઇટ એફિલ ટાવર ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ પરીવાર સાથે રહેતા ભેમાભાઈ રૂપાભાઈ ખાંટ (મુળ વતન. ગામ–કેસરપુરા તા–ચીખલી જી–ડુંગરપુર રાજસ્થાન) નાઓનો સગીર વયનો પુત્ર તા.૦૧/૧૧/૨૦૨૬ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટના ઈ બ્લોકના લિફ્ટ વાળી કટની જગ્યાએથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને નિકોલ હાર્મોની હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

નિકોલઃ (૨) વિરાટનગર રોડ કિંગસ્ટોન સામે નવી બનતી કામધેનું સાઈટ ખાતે મજુરી કામ કરતા અને ત્યાં જ રહેતા વિષ્ણુ સ/ઓ પુજા કટારા (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ–ઘોડાખરા પોસ્ટ–પોહરી ખાતુરાત તા–જોત્રી જી–ડુંગરપુર રાજસ્થાન) તા.૩૧/૧૦/૨૦૨૬ રાતના ૦૯/૩૦ વાગ્યાના સુમારે નવી બનતી કામધેનું સાઈટના પાંચમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નિકોલ પરીખ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૧/૨૦૨૬ કલાક ૦૧/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર દલપતભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૫૩/૨૦૨૬**

વાડજઃ હેમંતભાઈ વસંતભાઈ પટેલ (ઉ.વ.૫૪) (રહે.પટેલવાસ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ચંદુભાઇ ચલાવે છે.

વટવાઃ નિતાબેન ઉર્ફે બબીબહેન વા/ઓ સન્ની ખેંગારભાઈ દંતાણી (ઉ.વ.૨૩) (રહે. સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી